બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાના સીધીભરતી લેવાયેલ શિક્ષકોને એન્ટ્રી લેવલ પેનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ – ૧૧૦૯-મં.શિ.-૧ -ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૩૦/૮/૨૦૧૬

વંચાણે લીધા :-

(૧) નાણાં વિભાગના તારીખ:૧૪/૯/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક: પીજીઆર/ ૧૦૨૦/૬૪/પે સેલ(એમ)
(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીના તારીખ: ૨૫/૪/૨૦૧૩ના પત્રક્રમાંક:અનદ-૧/ ધ/ ૨૦૧૨/ ૧૩ / ૭૬૪૮.
(૩) નાણાં વિભાગના તારીખ: ૧૦/૮/૨૦૧૬ના પત્રક્રમાંક: પગર/ ૧૦૨૦૧૨/યુઓ-૧૫/પગાર એકમ

ઠરાવ :-

રાજ્ય સરકારના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચની ભલામણોના અમલીકરણ મુજબ નાણા વિભાગના તારીખ ૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવથી લાભ આપેલ છે તે પ્રમાણે બિનસરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને એન્ટ્રીલેવલ પે મંજુર કરવાની બાબત ક્રમાંક(૨) ઉપરની કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીની દરખાસ્ત અને ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક સંઘ મહામંડળની રજુઆતશ્રી વિચારણા હેઠળ હતી જેમાં પુખ્ત વિચારણાને અંતે નાણાં વિભાગના ઉપર સંદર્ભ ક્રમાંક (૩)માં દર્શાવેલ પત્રની વિગતે નીચે મુજબ કાર્યવાહી કરવાની મંજુરી આપવામાં આવે છે.

(૧) જે ૧૬ જિલ્લાઓમાં અનુદાનિત ઉચ્ચતર શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને નાણા વિભાગના તારીખ ૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવથી નિયત કરવામાં આવેલ એન્ટ્રી લેવલ પે મંજૂર કરી તે મુજબ પગાર બાંધણી કરવામાં આવેલ છે તેને મંજુરી આપવામાં આવે છે.

(૨) બાકીના જિલ્લાઓ જ્યાં એન્ટ્રી લેવલ પે મુજબ પગાર બાંધણી કરવામાં આવેલ નથી તે જિલ્લાઓમાં ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ના નિયમ-૮ અનુસાર નાણા વિભાગના તારીખ ૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવથી નિયત કર્યા મુજબના એન્ટ્રી

on line મુકવા માટે

લેવલ પગાર મુજબ પગાર બાંધણી કરવાની મંજુરી આપવામાં આવે છે.

(૩) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ના નિયમ-૮ અનુસાર અનુસૂચિ-ખ મુજબની એટલે કે, નાણા વિભાગના તારીખ ૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવ મુજબની એન્ટ્રી લેવલ પગાર બાંધણીને કારણે કોઈપણ કર્મચારીને સ્ટેપીંગ અપનો લાભ મળવાપાત્ર થશે નહીં.

ઉકત કર્મચારીઓને સંદર્ભ ક્રમાંક (૧) ઉપરના નાણાં વિભાગના ઠરાવમાં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવાની રહેશે અને આ ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.એલ.પુજારા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત રાજ્ય

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(પ્રા. મા.અને પ્રૌ.) ના અંગત સચિવશ્રી, રા.ક. મંત્રીશ્રી(પ્રા. મા.અને પ્રૌ.) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, -૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(ઉ. અને ટે.શિ.,) ના અંગત સચિવશ્રી, રા.ક. મંત્રીશ્રી(ટે.શિ.) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, -૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓ, ગાંધીનગર.
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- નિયામકશ્રી, લોકલફંડ ઓડીટ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ. (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, ૨૦, સુર્યરત્ન બંગલો, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી. [illegible]
- સિલેક્ટ ફાઈલ.